1445

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિઓના કલ્યાણની કચેરી
'ઇ' બ્લોક, પ્રથમ માળ, બહુમાળી ભવન, મંજુશ્રી મિલ કમ્પાઉન્ડ, ગિરધરનગર, અસારવા,
અમદાવાદ-૩૮૦૦૧૬. ફોન નં : ૦૭૯-૨૯૩૦૧૧૨૦ E-mail : dydir-ddew ahm@gujarat.gov.in

નં.જિનાનિ/વિજાક/સ.સા.યો./૨૦૨૧-૨૨/ ૯૯૫૬ થી ૯૯૯૦ તા.૨૪/૦૬/૨૦૨૧

## પરિપત્ર

પ્રતિ
આચાર્યશ્રી
..............................................
મુ.........................તા.....................
જિ. અમદાવાદ

**વિષય : "સરસ્વતી સાધના યોજના" નો અમલ વર્ષ:૨૦૨૧-૨૨ થી Digital Gujarat Portal પર કરવા બાબત (Website : http://www.digitalgujarat.gov.in)**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સહાય કે લાભ એક જ જગ્યાએથી આપી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા **Digital Gujarat Portal** ડેવલોપ કરી સદરહું પોર્ટલ મારફત શૈક્ષણિક યોજનાનો અમલ કરવામાં આવે છે. જે મુજબ "સરસ્વતી સાધના યોજના" નો અમલ પણ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત કરવાનું નક્કી કરવામાં આવેલ હોય હવે શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાની દરખાસ્તો જે રીતે ઓનલાઇન કરવામાં આવે છે તેવી જ રીતે "સરસ્વતી સાધના યોજના" ની દરખાસ્તો પણ આપની કક્ષાએથી ઓનલાઇન બનાવી મોકલવાની રહેશે. વિકસતીજાતિ (સા.શૈ.પ.વ. અને આ.પ.વ.) ની ધોરણ-૯ ની વિદ્યાર્થીનીઓની "સરસ્વતી સાધના યોજના" ની ઓનલાઇન દરખાસ્તો **"Cycle Scheme"** મેનુમાં જઇ **"Director Developing Caste Welfare"** માં જઇ **"Create Cycle Proposal"** મેનુમાં જઇને બનાવવાની રહેશે.

સરસ્વતી સાધના યોજના **S.E.B.C., E.B.C.** ના **કન્યાઓની (સાયકલ સહાય)** અંતર્ગત ધો:૯ની કન્યાઓને ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ કન્યાઓના જાતિના દાખલાની જાતિ પુરાવા કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ પણ અપલોડ કરવાની હોય પ્રપોઝલબની ગયા બાદ **"Cycle Scheme"** મેનુમાં જઇ **" Director Developing Caste Welfare"** ઓપ્શનમાં જઇ **" Proposal Cycle Detail"** પર ક્લિક કરી જે પ્રપોઝલ સેન્ડ કરવાની હોય તે પ્રપોઝલના તમામ વિદ્યાર્થીનીઓના જાતિના દાખલા/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવા (પિતાનું જાતિ પ્રમાણપત્ર/શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/વિદ્યાર્થીનું બોનાફાઇડ) ની નકલ તેમજ તેઓના વાલીના આવકના દાખલાની નકલ અપલોડ કરવાની રહેશે. જાતિ અને આવકના દાખલા અપલોડ કર્યા બાદ જ Cycleની પ્રપોઝલ હાયર ઓથોરીટીને સેન્ડ કરી શકાશે જેની નોંધ લેવા વિનંતી છે.

PTO



Scanned by CamScanner

સરસ્વતી સાધના યોજનામાં આચાર્યશ્રી દ્વારા S.E.B.C., E.B.C. ની કન્યાઓની જે સાયકલની પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ કરવામાં આવે, તે મંજૂર થાય ત્યારબાદ આચાર્યશ્રીઓએ સંબધિત ધો:૯ની કન્યાઓને સાયકલ વિતરણ કરવાની રહેશે. કન્યાઓને કઇ સાયકલ આપવામાં આવેલ છે તેની વિગતો પણ પોર્ટલ પર અપડેટ કરવાની હોય, સાયકલનો ચેસીસ નંબર, વિદ્યાર્થીનીને સાયકલ ક્યારે પુરી પાડી વિગેરે વિગતો પોર્ટલ પર આપની કક્ષાએથી અપડેટ કરવાની રહેશે. જેથી આપની શાળાની પ્રપોઝલ જ્યારે હાયર ઓથોરીટીએથી મંજૂર થઇ જાય અને સાયકલોનુ વિતરણ થઇ જાય ત્યારબાદ તેની વિગતો "Cycle Scheme" મેનુમાં જઇ "Director Developing Caste Welfare" માં જઇ "Update Cycle Detail" ઓપ્શનમાં જઇને અપડેટ કરવાની રહેશે. જેથી જિલ્લામાં કેટલી સાયકલો વિતરણ કરવામાં આવેલ છે તેની ચોક્કસ વિગતો મેળવી શકાય.

ઉક્ત તમામ વિગતો ધ્યાને રાખી વિકસતીજાતિ (સા.શૈ.પ.વ. અને આ.પ.વ.) ની ધો.-૯ ની પાત્રતા ધરાવતી વિદ્યાર્થીનીઓની વર્ષ: ૨૦૨૧-૨૨ની "સરસ્વતી સાધના યોજના" ની દરખાસ્તો ઓનલાઇન કરવા તેમજ સાયકલનું વિતરણ થઇ ગયા બાદ તેની આનુષાંગિક વિગતો પોર્ટલ પર અપડેટ કરવા સર્વે આચાર્યશ્રીઓને વિનંતી છે.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિઓના કલ્યાણની કચેરી
અમદાવાદ જિલ્લો, અમદાવાદ

## જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ શહેર

બ્લોક- એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૫૨

ક્રમાંક:જિશિઅ/પરચ/૨૦૨૦-૨૧ / ૮૨૭ તારીખ:૧૫/ ૬ /૨૦૨૧

પ્રતિ,
પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ,
અમદાવાદ શહેર.

ઉપરોક્ત પરિપત્ર વંચાણે લઇ અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર

નકલ રવાના જાણ તથા અમલ સારું
-શિક્ષણ નિરીક્ષકશ્રી/મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી, તમામ સદર કચેરી.



Scanned by CamScanner

## Portal (Roll-A) (પત્રક-અ)

### Social Justice & Empowerment Department
### Director, Developing Caste Welfare, Gujarat State, Gandhinagar
### Plan for Primary / Secondary School

| Sr. No. | Scheme Name | Caste | Standard | Male / Female | Scholarship Rate (Annual) | Annual Income Limit | School Details |
|---|---|---|---|---|---|---|---|
| 1 | BCK-97 Girls of Std-9 Free Cycle under Sarswati Sadhana Yojana | S.E.B.C. E.B.C. | STD-9 | Female | free Cycle | Rural Rs.1,20,000/- Urben Rs.1,50,000/- | Government / Granted Secondary School |

અન્ય સૂચનાઓ:

૧. તમામ વિદ્યાર્થીની ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવી જોઇએ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.

૩. સ્વનિર્ભર (સેલ્ફ ફાયનાન્સ) શાળાઓએ સરસ્વતિ સાધનાની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૪. ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.

Scanned by CamScanner